# -: ફુઝૂલ ખરચી :-

અલ્લાહતઆલા ફરમાવે છે કે, ***"વલા તોબઝઝીર તબ્ઝીરા"***, યાઅની તબ્ઝીર, ફુઝૂલ ખરચી, ઈસ્રાફી ન કરો. કોઈ સબબ બગૈર ખર્ચ કરનારાઓ (ઈસ્રાફી કરનાર) શૈતાનના ભાઈઓ છે. સાત ખૈર ચીઝો જે બેહતરીન આઅમાલ કહેવાય તેમાંથી ઘર, ઔલાદ અને કારોબાર વાસ્તે ખર્ચ કરવું છે. અલ્લાહની રઝામંદીમાં, નેક કામમાં, જેની ઝરૂરત અને હાજત હોય તેમાં જે કઈ ખર્ચ થાય તે તબ્ઝીર યા ઈસ્રાફી નથી મગર અમલે બદમાં, કોઈની ખરાબીમાં, હરામ કામોમાં ઝરા પણ ખર્ચ કરવું સાફ ફુઝૂલ ખરચી છે. અલ્લાહતઆલા તેની જઝા આપતો નથી અને તે જ દૌલત એ શખ્સ વાસ્તે મુસીબત બને છે.

ઈમામ હસન (અ.સ.) ઘણી ખૈરાત કરતા, ફકીરો મિસ્કીનને બે ઈન્તેહા સદકા આપતા, તો આપને અરઝ કરવામાં આવી કે, અય સાહબ ***"લા ખૈર ફિલ ઇસ્રાફ"***, આટલી બધી ઈસ્રાફી કરવી કઈ સારી નિશાની નથી, ખૈર નથી. તો આપ (અ.સ.) એ આ જુમ્લાને ઉલ્ટો કરીને ફરમાવું કે, "લા ઈસ્રાફ ફિલ ખૈર", ખૈર ચીઝમાં ખર્ચ કરવું કંઈ ઈસ્રાફી ન કહેવાય. તમે જાણો કે રિફક (મુનાસિબ તૌરથી ખર્ચ કરવું) અડધી ઝિંદગી છે. સાહબે રિફક કોઈ હાલમાં પણ મોહતાજ નહીં થાય. ***દીનના અહકામ જાણનાર-અમલ કરનાર, મુનાસિબ ખર્ચ કરનાર અને હર ચીઝમાં વચલી ચાલ, એઅતેદાલી સૂરત, મિયાના રવી કરનાર શખ્સ તેના રબને ઘણો નઝદીક છે અને તેના વાસ્તે આ એક ઘણી મોટી નેઅમત છે, દૈન છે.*** તો મુમેનીન તે જ અમલ કરે, આદત રાખે જેથી અલ્લાહ અને તેના રસૂલ રઝામંદ હોય. અલ્લાહતઆલા કુરઆને પાકમાં ફરમાવે છે કે, ***"કોલૂ વશરબૂ વલા તુસ્રેફુ. ઇન્નલ્લાહા લા યોહિબ્બુલ મુસ્રેફીન."*** યાઅની ખાવ, પીઓ મગર હદથી ઝિયાદહ ખર્ચ ન કરો. અલ્લાહતઆલા ઝિયાદહ ખર્ચ કરનારને પસંદ નથી ફરમાવતો. ★